# શાસ્ત્રચુસ્તતા શામાં?

પોપટલાલ ચુનીલાલ શાહ
૯૯૨૫૩૦૦૯૭૯

Scanned by CamScanner

# શાસ્ત્રચુસ્તતા શામાં ?

હમણાં થોડા વખત પૂર્વે, સુરત ચાતુર્માસાર્થે વિહાર કરી રહેલા એક શ્રમણીવૃંદનો દહીસર-મીરારોડ પાસેનો પ્રસંગ... સાથે આવેલા વિહાર સેવા ગ્રુપના એક યુવાને કોઈ પ્રસંગવશાત્ કહ્યું કે - મહારાજ સાહેબ! તાંબાનો ઘડો નથી રાખતા ? ત્યારે શ્રમણી ભગવંતે કહ્યુ કે - અમે શાસ્ત્ર-ચુસ્ત છીએ, શાસ્ત્રોમાં ધાતુઓની વસ્તુ વાપરવાનું ક્યાંય કહ્યું નથી વગેરે વગેરે.અને પછી એમણે અમારી તિથિ જ સાચી છે એ સમજાવવાનું શરુ કર્યું...

આ પ્રસંગ સાંભળ્યા પછી મનમાં ઘણા વિચારો આવવા માંડ્યા... શું તાંબાનો ઘડો ન વાપરવા માત્રથી શાસ્ત્રચુસ્તતા આવી જાય ? તાંબાનો ઘડો વાપરવાનું શાસ્ત્રમાં નથી જણાવ્યું, તો શું માટીનો ઘડો વાપરવાનું શાસ્ત્રમાં જણાવ્યું છે ?

શું તેઓ તાંબા-પિત્તળ-સ્ટીલ-પ્લાસ્ટિકની પરાતો, બાલ્દીઓ, કુંડીઓ (પ્યાલાં) વગેરે નથી વાપરતા ? અને જો વાપરે છે તો તેઓ જાહેર કરશે કે અમે શાસ્ત્રચુસ્ત નથી.

આવાં તો કેવા કેવા કેટલાય ઝેર યુવાનોને અને શ્રાવક-શ્રાવિકાઓને ક્યાં ક્યાં પીવડાવાતા હશે ? અને આ ઝેરના જ પ્રભાવે શ્રીસંઘનો અમુક વર્ગ સમ્યગ્ આરાધનાને પણ મિથ્યા આરાધનારૂપે માનવા લાગ્યો છે. એ સિવાયના પણ શ્રી સંઘના અમુક વર્ગમાં શાસ્ત્રચુસ્તતા, સાચી આરાધના, સુસાધુતા વગેરેનું એક સાવ અશાસ્ત્રીય, વિચિત્ર ચિત્ર



Scanned by CamScanner

ઉપસ્થિત થઈ ગયું છે. એટલે, ભવ્યજીવોના માનસપટ પરથી સુસાધુતાનું ગલતચિત્ર દૂર થાય અને વાસ્તવિક ચિત્ર અંકિત થાય એ માટે કમને પણ આ પ્રયાસ કરવો પડી રહ્યો છે એવી બધાને નોંધ લેવા વિનંતી છે.

જેમના માનસપટ પર સાધુતાનું ગલત ચિત્ર અંકિત થઈ ગયું છે એવા શ્રાવકો ક્યારેક દીક્ષા વગેરે પ્રસંગે, એવું કહેતાં હોય છે કે - 'ખરેખર! એ બધા બહુ ચુસ્ત છે... એમની નિશ્રામાં... વીડિઓગ્રાફી ન હોય... સ્વામીવાત્સલ્યમાં બુફે ન હોય, બેસાડીને જમાડવાનું હોય... બધું દેશી પદ્ધતિનું હોય... વગેરે વગેરે...' આમાં કેટલાક પ્રશ્નો ઊભા થાય છે.

૧) વીડિઓગ્રાફી ન હોવી વગેરેને ચુસ્તતાના માપદંડ તરીકે ખરેખર કહી શકાય ?
૨) ધારોકે એ ચુસ્તતાના માપદંડ છે, તો પણ આ ચુસ્તતા આયોજક પરિવારની ચુસ્તતા કહેવાય કે નિશ્રાદાતા મહાત્માની સાધુતાની ચુસ્તતા ?
૩) સાધુતાની ચુસ્તતામાં શું શું આવે ? સૌ પ્રથમ આપણે ત્રીજા પ્રશ્નનો જવાબ વિચારીએ... એમાં જ બાકીના બે પ્રશ્નોના જવાબ આવી જશે. મેં જુદા જુદા પ્રસંગે ગીતાર્થ મહાત્માઓ પાસે જે સાંભળ્યું છે એના આધારે નીચેની વિચારણાઓ લખી છે.

શ્રી શય્યંભવસૂરિ મહારાજે પુત્ર મનકને દીક્ષા આપી. ઉત્તમ સંયમપાલનદ્વારા શ્રેષ્ઠ આત્મહિત સાધવું હોય તો વિશિષ્ટ શાસ્ત્રબોધ જોઈએ. તેથી પુત્રમુનિને પણ ૧૪ પૂર્વધર બનાવવાની ભાવના છે. પણ જ્ઞાનના બળે જોયું



Scanned by CamScanner

તો આયુષ્ય માત્ર ૬ મહિના! ૧૪ પૂર્વની તો કોઈ સંભાવના ન રહી, ૧૧ અંગની પણ સંભાવના ન રહી... પણ, ચુસ્ત રીતે સાધુપણું પળાવવું તો છે જ. એટલે ૧૪ પૂર્વનો સાર આવી જાય એવું શ્રી દશવૈકાલિક સૂત્ર ૧૪ પૂર્વમાંથી ઉદ્ધૃત કર્યું. એના ૧૦ અધ્યયન.. એનું પ્રથમ અધ્યયન... માત્ર પાંચ ગાથા... એની પ્રથમ ગાથામાં મંગળ કર્યા પછી સૌ પ્રથમ કયો વિષય લેવો? નજર સામે અનેક વિષયો રમતા હોવા છતાં શ્રી શય્યંભવસૂરિ મહારાજે નિર્દોષ ગોચરી પર કળશ ઢોળ્યો અને પ્રથમ અધ્યયનની શેષ ચાર ગાથામાં ગોચરીની નિર્દોષતા ની વાત સમજાવી. વળી પાંચમાં અધ્યયનના બંને ઉદ્દેશામાં પણ વિસ્તારથી એ સમજાવ્યું. એ સિવાય પણ પિંડ નિર્યુક્તિ વગેરે ઢગલાબંધ ગ્રંથો... આ બધા પરથી સાધુપણામાં - ચુસ્ત સંયમ પાલનમાં નિર્દોષ ગોચરી એ કેટલો મહત્ત્વનો આચાર છે, એ સ્પષ્ટ રીતે સમજાય છે... શ્રી દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનના છેડે તો કહી દીધું કે આવી નિર્દોષ માધુકરી વૃત્તિથી જીવવાનું હોય તો જ 'સાધુ' કહેવાય. આપણે ગુજરાતીમાં કહીએ છીએ ને કે 'જેવું અન્ન તેવું મન'... 'જેવો આહાર તેવો ઓડકાર'...

'સંયમના ચુસ્ત પાલનનું, નિર્દોષ ભિક્ષા એ પ્રથમ માપદંડ છે,' એવું શ્રી શય્યંભવસૂરિ મહારાજનું સૂચન શું ન સમજાય એવું છે? હવે, 'અમે સુસાધુ, અમે શાસ્ત્રચુસ્ત, અમે સુગુરુ... બાકીના બધા કુસાધુ, શિથિલ, શાસ્ત્રચુસ્ત નહીં, કુગુરુ, મિથ્યાત્વી, એમને વંદન પણ ન કરાય, એમનું વ્યાખ્યાન પણ ન સંભળાય...' ચાન્સ મળે એટલે (અથવા



Scanned by CamScanner

ચાન્સ ઊભો કરીને પણ) શ્રાવક-શ્રાવિકાઓને - મુમુક્ષુ-ઓને આવું સમજાવવાનું મિશન લઈને જેઓ ફરે છે એમના જીવનને આ માપદંડથી તપાસવું જોઈએ...

(ફરી એક નમ્ર નિવેદન: હવે પછી જે લખાણ કરવાનું છે એમાં કોઈકની બ્લેક સાઈડને જાહેર કરવાની છે... આપણે આમાં શા માટે પડવું? એ વિચારથી જ તમે પણ આવું પૂર્વે ક્યારેય વિચાર્યું નહીં હોય. પણ હવે હદ થાય છે.. સારા સારા આરાધકો પણ સુસાધુતા માટેના ખોટા માપદંડ સમજી બેઠા છે.. કાચને હીરો ને હીરાને કાચ મનાવવાની પ્રક્રિયા કાચદ્વારા જોરશોરથી ચાલી રહી છે. તેથી કાચનું કાચપણું બધાએ વિચારવું અનિવાર્ય બન્યું છે... આને કોઈ નિંદાનું લેબલ તો નહીં જ મારે, એવી આશા.)

ઉપર કહેલ મિશન લઈને ફરનારા ઘણું ખરું ૪૦-૫૦-૬૦ કે તેથી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે ને સાથે વિહાર કરતાં હોય છે... બધે જ સાથે ને સાથે રસોડું... ૩/૪ દિવસ પૂર્વે ટેમ્પો પહોંચી જાય... ભક્તો બધી વ્યવસ્થા ગોઠવે... આમાં કેટલી વિરાધનાઓ હોય એ તો નજરે જુએ એને ખ્યાલ આવે... જોનારને એમ જ થાય કે સંયમીઓ માટે આટલો બધો આરંભ - સમારંભ! વળી વ્યવસ્થા ગોઠવ-નારા હોય ભક્તો... મિઠાઈ - ફરસાણ - ગરમ નાસ્તા - કેરીનો રસ.. વગેરેની રેલં છેલ! અલબત કોઈક મહાત્મા ત્યાગી પણ હોય.. છતાં Over all દૃશ્ય ઉપર કહ્યું એવું હોય.

પ્રશ્ન : પણ વચલા ગામોમાં ઘરો ઓછા આવતા હોય... અને સાધુ-સાધ્વીજી ૫૦-૬૦ હોય, તો રસોડું કરવું



Scanned by CamScanner

જ પડે ને! વળી શ્રાવકો ભક્તિવાળા હોય, એટલે વિશિષ્ટ ભક્તિ કરે જ ને!

ઉત્તર : સાધુ - સાધ્વીજી ભગવંતોએ ચોમાસામાં ને શેષકાળમાં લગભગ સાથે ને સાથે વિચર્યા કરવું એ અત્યંત શાસ્ત્રવિરુદ્ધ છે. એટલે સાધુઓનું ને સાધ્વીજીઓનું ગ્રુપ અલગ-અલગ જ વિચરતા હોય તો સંખ્યા લગભગ અડધી થઈ જાય.

પ્રશ્ન : પણ સાધ્વીજી ભગવંતો માટે ક્યારેક ખૂબ જોખમ હોય ત્યારે એમની સુરક્ષા માટે સાધુ ભગવંતો સાથે વિચરે એવી વાત શાસ્ત્રમાં આવે છે ને ?

ઉત્તર : હા, ચોક્કસ આવે છે. પણ હાલ એવો કાળ ક્યાં છે ? ઘણા શ્રમણી ભગવંતોના ગ્રુપ એકલા વિચરતા જ હોય છે. હવે તો વિહાર સેવા ગ્રુપના યુવાનો પણ ઘણા વિહારોમાં સુરક્ષા માટે સેવા આપતા હોય છે. છતાં ક્યાંક સાધુઓએ જ સાથે રહેવાનું હોય તો પણ ગીતાર્થ ગુરુભગવંતો પાસે એવું જાણવા મળ્યું છે કે એ શ્રમણી ગ્રુપના આજ્ઞાદાતા આચાર્ય ભગવંત અને એમની સાથે જરૂર પૂરતા મર્યાદિત પીઢ - પરિણત જિતેન્દ્રિય સાધુઓ જ હોય... એવું શાસ્ત્રમાં કહ્યું છે. બાળ મુનિઓ, યુવા મુનિઓ નૂતન મુનિઓ વગેરેથી યુક્ત આખું ગ્રુપ સાથે ને સાથે વિચરે આવું કોઈ શાસ્ત્રમાં નથી કહ્યું એમ નહીં, એનો નિષેધ જણાવનારા ઢગલાબંધ શાસ્ત્ર વચનો છે. એટલે આવા આખા-આખા ગ્રુપ જે સાથે વિચરે છે એ નિ:શંક અત્યંત શાસ્ત્ર વિરુદ્ધ છે. આને શાસ્ત્રચુસ્તતા નહીં પણ ભયંકર



Scanned by CamScanner

શિથિલતા જ કહેવાય, કારણ કે બ્રહ્મચર્યની ગુપ્તિઓનો ડગલે ને પગલે સરેઆમ ભંગ! બ્રહ્મચર્યની સામે પાર વિનાના જોખમો...

પ્રશ્ન : સાધુ-સાધ્વીજી મ. અલગ વિચરે.. તો પણ સાધુ ભગવંતો ૨૦-૨૫ હોય ને ગામમાં ઘરો ૫-૭-૧૦ જેવા આવતા હોય તો રસોડું તો કરવું જ પડે ને!

ઉત્તર : કેટલાક કાળજીવાળા ગ્રુપોમાં એવું જોવા મળ્યું છે કે સાધુ ભગવંતોની પણ આવશ્યકતા મુજબ ૨-૩ ટુકડી કરી હોય. જે આગલ-પાછળ વિચરે... મોટા સંઘમાં ભેગા થાય.

પ્રશ્ન : પણ સાવ ઘરો આવતા જ ન હોય તો?

ઉત્તર : મહાત્માઓ પાસે એવું સાંભળ્યું છે કે ગુજરાત-રાજસ્થાનમાં ઘણા ખરા ગામોમાં અજૈનો પટેલો વગેરે ખૂબ ભાવથી વહોરાવતા હોય છે. અનેક મહાત્માઓ કચ્છ-કાઠિયાવાડ વગેરેમાં બધે આ રીતે ગોચરી કરતા હોય છે. મહારાષ્ટ્ર વગેરે ક્ષેત્રોમાં પણ દિગંબર - લિંગાયત - માલાકરી વગેરે શાકાહારી પ્રજા હોય છે. એમના ઘર શોધવા પડે. હા! પણ બધે લુખા-જાડા રોટલા, છાશ, ગોળ વગેરેથી ચલાવી લેવાની તૈયારી જોઈએ.

પૂ.સાગરજી મ., પૂ.બાપજી મ., પૂ.નેમિસૂરિ મ, વાગડ સમુદાય, પૂ.ભુવનભાનુસૂરિ સમુદાય વગેરેમાં અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો આ રીતે ગોચરી કરતા હોય છે. અનેક વિહારધામના રજીસ્ટરમાં આવી રીમાર્ક જોવા મળે છે.

પ્રશ્ન : પણ આ રીતે અજૈનમાંથી મળતી ગોચરી પૂરતી ન મળે તો બીજાઓએ તો રસોડાની ગોચરી વહોરવી જ પડે ને!



Scanned by CamScanner

ઉત્તર : મેં સાંભળ્યું છે કે ઘણાં વર્ષો પૂર્વે સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા.આદિ ઠાણાએ કલકત્તા બાજુ વિહાર કરેલો. ત્યારે પૂજ્યપાદ આચાર્યદેવ તો સાથવો (સેકેલો ચણાનો લોટ) અને રોટલાથી ચલાવી લેતા. પણ એ પૂરતું ન મળે... કેટલાકને ફાવે પણ નહીં... એટલે ત્યાંના લાંબા લાંબા વિહારોમાં સંઘે રસોડું સાથે રાખેલું... પણ મહાત્માઓએ રસોઈયાને સૂચના આપી રાખેલી કે મગની મોગરદાળ સેમી લિક્વીડ જેવી બનાવ-વાની... ને સાથે માત્ર રોટલી ને ભાત... એ દાળ રોટલી સાથે શાકનું કામ કરે અને ભાત સાથે દાળનું.. માત્ર ૩ દ્રવ્યથી એકાસણું કરી લેવાનું અને સવાર સાંજ મળીને રોજના ૨૦/૨૫/૩૦ કિલો મીટર ચાલવાનું. કેટલાય મહાત્માઓ ગોચરીની વ્યવસ્થા વગેરે ટાળવા માટે સાંજે ૧૦-૧૨ કિ.મી. ચાલી સવારે ૨૦-૨૨-૨૫ કિ.મી. ખેંચી લેતા હોય છે. એવું પણ જાણવા મળે છે કે ઘણા શ્રમણ-શ્રમણી ભગવંતો વિહાર ધામમાં રસોડાની ગોચરી વાપરવાની હોય ત્યારે રસોડું ડિસ્ટર્બ ન થાય એ રીતે ૨/૩/૪ દ્રવ્યથી એકાસણું કરી લેતા હોય છે. એવું પણ સાંભળવા મળ્યું છે કે અમુક મોટા ગ્રુપમાં વિહારમાં એકાંતરે ઉપવાસ કરે, અને આગળ-પાછળ વિહાર કરે છે.

પ્રશ્ન : તમે જે વર્ગની વાત કરો છો એ સિવાયના બીજા બધા જ ગ્રુપોમાં શું આવી કાળજીઓ છે?

ઉત્તર : ના, પંચમકાળના પ્રભાવે અન્યત્ર પણ અમુક ગ્રુપોમાં આવી કાળજીમાં ઓછી-વત્તી કચાશ જોવા મળે છે. પણ એ બધા, 'અમે ચુસ્ત સંયમી' આવો ફાંકો રાખતા નથી કે આના વિના પણ જો ખાલી વીડિયોગ્રાફી વગેરે ન

Scanned by CamScanner

હોય તો 'શાસ્ત્રચુસ્ત' 'નિર્દોષ સંયમી' કહેવાય. આવું ગલત ચિત્ર લોકમાનસમાં ફિટ કરતા નથી.

સંયમની શાસ્ત્રચુસ્તતા માટેનો આવો જ મહત્ત્વનો એક અન્ય પાયો છે બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓનું ઉત્તમ પાલન અને એના દ્વારા નવા-યુવા મુનિઓને પણ બ્રહ્મચર્ય પાલન સરળ બની રહે એવું વાતાવરણ પૂરું પાડવું એ. એટલે જ વાચના વગેરે જેવા વિશેષ પ્રયોજન વિના પણ સાધુ ભગવંતના ઉપાશ્રયમાં જે સાધ્વીજી ભગવંતો અવર-જવર કરતા હોય એમને ઓઘનિર્યુક્તિ વગેરે આગમ ગ્રંથોમાં અકાલ ચારિણી કહ્યા છે. 'જે ગચ્છમાં એકલો સાધુ એકલા સાધ્વી સાથે વાત કરતો હોય, પછી ભલે ને એ સાધ્વી પોતાના સગા બેન મહારાજ હોય, તો પણ એ ગચ્છ તરીકેના ગુણોથી શૂન્ય છે...' બ્રહ્મચર્ય અંગે આવું આવું તો શાસ્ત્રો માં ઘણું કહ્યું છે. એવું સાંભળવા મળે છે. એના એ શ્રમણી ભગવંતો સાથે ને સાથે વિચરતા હોય ત્યાં શાસ્ત્ર ચુસ્તતાના આ પાયાની શું હાલત થતી હશે ?

આ જ રીતે સ્વાધ્યાય રમણતા, પડિલેહણ, પ્રમાર્જન-શીલતા, આલોચના, પ્રાયશ્ચિત્ત પ્રદાનવિધિ વગેરે અનેક બાબતો આવે છે. જે નિર્મળ સંયમના... સંયમની ચુસ્ત-તાના... આચાર ચુસ્તતાના... માપદંડ બની શકે. પણ દીક્ષા વગેરે પ્રસંગોમાં શ્રાવકો વીડિયોગ્રાફી ન રાખે.. બુફે પદ્ધતિ ન રાખે... વગેરે બાબતો સાધુઓની ચુસ્તતાના માપદંડ બની શકે. એવો તો અણસાર સુધ્ધાં કોઈ શાસ્ત્રોમાં જોવા મળતો નથી.



Scanned by CamScanner

# મોબાઈલ અંગે દંભ

પ્રશ્ન : એક તિથિ પક્ષના સાધુઓ મોબાઈલ વાપરે છે... શું આ શિથિલતા નથી ?

ઉત્તર : પોતાની પાસે પાકિટમાં મોબાઈલ રાખવો, પોતે જ ઓપરેટ કરવો.. પોતે જ હાથમાં મોબાઈલ પકડીને વાતો કરવી. આ બધી બાબતો ચાહે એક તિથિ પક્ષમાં હોય... કે બે તિથિપક્ષમાં... બધે જ શિથિલતારૂપ જ છે. પણ કોઈ એવી આવશ્યકતા હોય ત્યારે શ્રાવકો દ્વારા સમાચારની આપ લે થતી હોય એને પણ જો શિથિલતા કહેવાની હોય તો આવી આપ લે તો જેઓ મોબાઈલને આગળ કરીને એકતિથિપક્ષને જાહેરમાં વગોવ્યા કરે છે તે બેતિથિવાળા શું નહીં કરતા હોય? મોટા મોટા આયોજનો, બીજાં અનેક કાર્યો..., અન્યાન્ય સ્થળે રહેલા સ્વ સાધુ-સાધ્વીજી ભગવંતોને અર્જંટ સમાચારની આપ લે.. આ બધામાં શ્રાવકો દ્વારા પણ મોબાઈલ ક્યાંય વપરાતો નહીં હોય? આજના કાળમાં આ વાત શ્રદ્ધેય લાગે છે? શું બધા કાર્યો એ વગર થઈ જતા હશે? દંભીઓના દંભને નહિ પકડનારા, એ દંભીઓ પર શ્રધ્ધા કરીને નરકાદિ દુર્ગતિઓના રવાડે ચડી જાય છે આ ભૂલવા જેવું નથી.

પ્રશ્ન: છતાં જાહેરમાં શ્રાવકો દ્વારા મોબાઈલ કરાવવા ઉચિત છે?

ઉત્તર : સાધુ એકાંતમાં જઈને શ્રાવક પાસે મોબાઈલ કરાવે એમાં પણ અનેક પ્રશ્નો છે. અનેક જોખમ છે. તેથી એ પણ વિચારણીય તો છે જ (ઈચ્છનીય નથી જ). પણ બહુ મોટી સંખ્યાના શ્રમણ-શ્રમણીઓના યોગક્ષેમ કરવાના હોય, ઢગલા બંધ સંઘો અને સેંકડો શ્રાવકો માર્ગદર્શન ઝંખી



Scanned by CamScanner

રહ્યા હોય... ત્યારે વારે .. વારે.. વારે.. વારે... એકાંતમાં જવું વગેરે પ્રેક્ટીકલ નથી.. અને એમાંય ઉંમર ખાસ્સી વધી ગઈ હોય ત્યારે તો ખાસ...

પ્રશ્ન : મોબાઈલમાં અનેક લાઈટ વગેરે થતી હોવાથી તેઉકાયની વિરાધના થાય.. એટલે એના બદલે પત્ર લખીને કામ પતાવવામાં વિરાધના ઓછી નથી.?

ઉત્તર : કેટલીક વાર અર્જંટ હોય ત્યારે કે કેટલીક વાર પરસ્પર પ્રશ્નોત્તર કરવાના હોય ત્યારે પત્રવ્યવહારથી કામ સરે એવું હોતું નથી. કુરિયરથી પણ પત્ર પહોંચે જ કે સમય-સર પહોંચે જ એની ગેરંટી હોતી નથી. વળી 'કુરિયરમાં વિરાધના ઓછી છે.' આ પણ ઘણું ખરું ભ્રમણા જ હોય છે. મહાત્મા પાસેથી ગૃહસ્થ કુરિયર લઈ જાય.. કુરિયરની ઓફિસે આપવા ઘણું ખરુ ટુવ્હીલર વગેરે પર જાય એની વિરાધના, સામે ગામ કુરિયર ઓફિસથી જ્યાં કુરિયર પહોંચાડવાનું હોય તે સ્થાન પર પહોંચવા કુરિયરવાળો પ્રાયઃ વેહીકલનો ઉપયોગ કરે... વળી ક્યારેક લીફ્ટનો પણ ઉપયોગ કરે... ક્યારેક વરસાદ આવતો હોય તો એની વિરાધના વધારામાં.. કોઈ એવું અગત્યનું અને અર્જંટ કામ હોય તો કુરિયર પહોંચ્યુ કે નહીં? એ માટે પાછો ફોન તો કરાવવો જ પડે...? સાવધાનઃ આ વાસ્તવિકતા છે. બાકી મોબાઈલનો પક્ષપાત કે સમર્થન કરવાનો કોઈ ઈરાદો નથી.. માત્ર શ્રમણ-શ્રમણી ભગવંતોએ જ નહીં. આપણે શ્રાવકોએ પણ વારંવાર એની ભયંકરતા - જોખમ વિચાર્યા કરવા જેવા છે. જો કોઈ શ્રમણ-શ્રમણી ભગવંતો પોતાની પાસે મોબાઈલ રાખતા હોય ને પોતે સ્વયં વાપરતા



Scanned by CamScanner

હોય તો એમની પવિત્રતા સંયમ-બ્રહ્મચર્યની સામે મોટો પ્રશ્નાર્થ હમેંશ માટે રહે જ. જો એકાંતમાં સંયમવિરુદ્ધ કશું કરવું જ નથી તો મોબાઈલને પોતાના કબજામાં રાખવાની જરૂર જ શી ?

## બૂફે V/S સીટીંગ

પ્રશ્ન : એક તિથિપક્ષના મહાત્માઓની નિશ્રામાં થતાં પ્રસંગોમાં થતી સાધર્મિક ભક્તિ-નવકારશી વગેરેમાં તેઓ બૂફેની ના નથી પાડતાં, છૂટ આપે છે, આ શિથિલતા નથી ?

ઉત્તર : પ્રસંગમાં સાધર્મિક ભક્તિ રાખવી કે ન રાખવી ? એક-બે કે ત્રણ મિઠાઈ રાખવી ? બેસાડીને જમાડવા કે બુફે રાખવું ? એક સંયમી તરીકે કોઈપણ મહાત્માનો આ વિષય જ નથી, તો એમણે હા પાડવાનો કે ના પાડવાનો પ્રશ્ન જ આવતો નથી.. પછી છૂટ આપવા-ની વાત ક્યાં આવે ? અને જે એમનો વિષય નથી એમાં એમની શિથિલતા શી રીતે કહેવાય ?

પ્રશ્ન : પણ શ્રાવકો અનુચિત કરતા હોય તો એની તેઓએ ના ન પાડવી જોઈએ ? મેનુમાં કોઈ અભક્ષ્ય વાનગી હોય તો શું તેઓ ના નથી પાડતા ?

ઉત્તર : અભક્ષ્યની તો ના પાડવી જ પડે ને તેઓ પાડે જ છે. પણ બૂફે રાખવા માત્રથી શું બધી ભક્ષ્ય વાનગીઓ અભક્ષ્ય બની જાય છે ?

પ્રશ્ન : અભક્ષ્ય તો ન બને.. પણ આપની પ્રાચીન પદ્ધતિ બેસાડીને જમાડવાની છે. એને છોડીને આ બૂફેની નવી પદ્ધતિ અપનાવવી એ અનુચિત નથી ?



Scanned by CamScanner

ઉત્તર: પ્રાચીન પદ્ધતિ તો એ હતી કે લાભાર્થી પરિવાર જ બધાને પીરસતો.. આ પ્રાચીનતાને છોડીને આજે, ગંદા-ગોબરા રહેનારા-શરાબ વગેરે વ્યસનમાં ફસાયેલા - સાવ હાલી-મવાલી જેવા વેઈટરો પીરસે છે, આ અનુચિત નથી? પહેલા ટહેલિયા ટહેલ નાખીને બધાને આમંત્રણ આપતા... આ પ્રાચીનતા છોડીને આજે સોશ્યલ મીડિયાથી પણ આમંત્રણ આપવામાં આવે છે, આ અનુચિત નથી? પહેલાં બેસાડીને બે પગનીચે ઢીંચણીયાં મૂકાતા.. હવે નથી મૂકાતા.. ક્યાંક ટેબલ ખુરશી પર જમાડાય છે.. આ અનુ-ચિત નથી? પહેલાં સ્વામિવાત્સલ્યમાં મોહનથાળ કે બુંદી કે શીરો... એક મિઠાઈ, ફુલવડી, મગ, પુરી ને ભાત... આવી બહુ જ મર્યાદિત આઈટમો રહેતી.. હવે તો બંગાલી મિઠાઈ, માવાની મિઠાઈ, વગેરે ૩-૪ મિઠાઈઓ, ૨-૩ ફરસાણ, ફ્રુટ, ફ્રુટજ્યુસ વગેરે મળીને ૨૦-૨૫-૩૦ વાનગીઓ બનાવાય છે.. આ અનુચિત નથી? આવી ઢગલાબંધ પ્રાચીનતાઓ છોડી દીધી.. એમાં તમને ક્યાંય અનુચિત નથી લાગતું... અને આ બૂફે પર જ શું આટલો બધો દ્વેષ છે, કે એ જ તમને અનુચિત લાગે છે અને એટલું બધુ અનુચિત લાગે છે કે તમે આવું બોલવા લાગો છો કે 'ભલે શ્રાવકે લાખો રૂપિયા ખર્ચ્યા હોય, પણ જો બૂફે રાખ્યું હોય તો એ સાધર્મિક ભક્તિ કહેવાય જ નહી', તથા જે મહાત્માઓ એની ના ન પાડે એ બધા ગમે એટલું ઉંચું સંયમ પાળતા હોય તો પણ શિથિલ.. અને જેઓ રસોડાની ગોચરી, વારંવાર કાપ વગેરે લીલાલહેર કરતા હોય તો પણ બૂફેની ના પાડે છે ને! માટે આચારચુસ્ત...' ધન્ય છે તમારા વિવેકને!



Scanned by CamScanner

પ્રશ્ન : પણ લાભાર્થી પરિવારે જ ઉછળતા ભાવ સાથે પીરસીને સાધર્મિક ભક્તિ કરવી વગેરે પ્રાચીનતાઓને જે છોડવામાં આવી છે તે તો એવા કારણો હોવાના કારણે.. પછી એમાં અનુચિત શું ?

ઉત્તર : બેસાડીને જમાડવાની પ્રાચીન પદ્ધતિ છોડવા પાછળ પણ ઘણાં કારણો છે. પછી એમાં અનુચિત શુ ?

૧)પહેલા જૈનોની વસ્તી અનેક શહેરો-ગામડોમાં વહેંચાયેલી હતી.. હવે બધી મુંબઈ-સુરત-અમદાવાદ જેવા શહેરોમાં કેન્દ્રિત થયેલી છે. તેથી ઘણાં સંઘોમાં સ્વામિવા-ત્સલ્યમાં જમનારાઓની સંખ્યા બે-ત્રણ પાંચ-સાત હજાર સુધીની પણ હોય છે. પહેલાં આવી સંખ્યાવાળો કોઈ એક સંઘ હોય એવું લગભગ નહોતું.. સંખ્યા વિશાળ હોય ને જગ્યા મર્યાદિત હોય.. એટલે આ બધી સંખ્યાને બેસાડીને જમાડવામાં કદાચ ૫-૭-૮ પંગત કરવી પડે જે પ્રેકટિકલ પણ ન રહે અને બધાને ત્યાં સુધી રાહ જોવાનો સમય પણ ન હોય.

પ્રશ્ન : પણ વિશાળ મંડપ બાંધીને ૨-૩ પંગતમાં પતી જાય એવું કરી શકાય ને ?

ઉત્તર : નજીકમાં એવી વિશાળ જગ્યા હોવી જોઈએ... ઈચ્છિત દિવસે એ ખાલી મળવી જોઈએ... એમાં જમણ-વારની છૂટ મળવી જોઈએ... આ બધું બધે સરળ-સુલભ નથી હોતું.. વરસાદના દિવસોમાં કાદવ-કીચડ-વનસ્પતિ કે નિગોદ થઇ જતી હોય તો પણ એ જગ્યા નકામી. વળી મજબુત તાડપત્રી વાળો મંડપ પણ કદાચ બાંધવો પડે.. આ એકસ્ટ્રા ખર્ચ ઉપાડવાની બધાની શક્તિ ન પણ હોય...



Scanned by CamScanner

પ્રશ્ન : તો જેટલી શક્તિ હોય એ પ્રમાણે એટલી જ સંખ્યાના સાધર્મિકોની ભક્તિ રાખે. તેથી બેસાડીને જમા-ડવાની પ્રાચીન પદ્ધતિ તો જળવાઈ રહે.

ઉત્તર : સંઘમાં કોને હા પાડે ને કોને ના પાડે? પોતાના બજેટમાં મંડપ બાંધીને બેસાડીને કરવાનું હોય તો ૬૦૦ ની જ ભક્તિ કરી શકે છે, ને બૂફે રાખે તો ૧૦૦૦ ની ભક્તિ કરી શકે છે... પછી ૪૦૦ ને ના શા માટે પાડે?

પ્રશ્ન : ભલે ૬૦૦ ની.. પણ બેસાડીને જમાડવાની ઉત્તમ ભક્તિ કરવી જ સારી નહી?

ઉત્તર : બેસાડીને જમાડે તો જ ઉત્તમ ભક્તિ કરી કહેવાય.. આવો નિયમ ક્યાંથી લાવ્યા? છતાં એકવાર એ માની લઈએ તો પણ ૪૦૦ ને નકારવા એ કેટલી મોટી અભક્તિ કહેવાય? સાધર્મિક પ્રત્યેની ઉછળતી ભક્તિવાળા શ્રાવકની, સાધર્મિકને ના પાડવા માટે જીભ કેમ ઉપડે? એટલે સરવાળે તો ભક્તિમાં ઘણો જ કડાકો બોલાઈ ગયો કહેવાય.

૨) પહેલાં સ્વામિવાત્સલ્યમાં મર્યાદિત ૫-૬-૭ આઈટમો રહેતી... એટલે એક-એક પંગત જલ્દી ઊઠી જતી. એટલે બહુ વાર ન લાગતી.. હવે તો ૨૫-૩૦ વાનગીઓ હોય.. એટલે વાર લાગી જ જાય. તેથી જો પહેલાંની જેમ મોહનથાળ વગેરે ૫-૭ વાનગીઓ જ રાખવામાં આવે તો ૧૦૦૦ ને પણ બેસાડીને જમાડી શકાય.

પ્રશ્ન : પણ તો તો સાધર્મિકોની ભક્તિ કરી એવું લાગે જ શી રીતે?



Scanned by CamScanner

ઉત્તર : તો પૂર્વના જમાનામાં એવું લાગતું હતું ?

પ્રશ્ન : એ જમાનામાં આવી ૫-૭ આઈટમ જ જમાડી હોય તો પણ બધાને આનંદ થઈ જતો, ને બધા વાહ-વાહ કરતાં.. આજે તો બધાના મ્હોં પડી જાય, ને વખોડ્યા વિના ન રહે. જમાનાને અનુરૂપ રહેવું ન જોઈએ ?

ઉત્તર : જમાનાને અનુરૂપ રહેવા માટે ૫-૭ આઈટમની પ્રાચીનતા છોડી શકો છો, તો બેસાડીને જ જમાડવાના આગ્રહને કેમ છોડતા નથી ?

વસ્તુતઃ સામાજિક પ્રસંગોમાં બે ફેરફાર થયા... ૫-૭ વાનગીઓમાંથી ૨૫-૩૦ વાનગીઓ થઈ અને બેસાડીને જમાડવામાંથી બૂફે આવ્યું. ( કદાચ તેમાં પણ આ વાનગીઓની પ્રચુરતા જ બૂફેને લઈ આવી હશે.) એમાંથી ધાર્મિક પ્રસંગોમાં ૨૫-૩૦ વાનગીઓ કરવામાં તમને આધુનિકતા નડતી નથી.. અને બૂફેમાં જ નડે છે.. આ કેવો અધકચરો ન્યાય ?

પ્રશ્ન : આધુનિકતામાં જે સારું છે તે સ્વીકાર્યું.. એનો અર્થ એવો થોડો કરાય ? જે ખરાબ છે એને પણ સ્વીકારવું..

ઉત્તર : બૂફેને ખરાબ શા માટે કહો છો ? શું

૧) એમાં અસભ્યતા છે ? ૨) બહુમાનના બદલે અપમાનની પ્રતીતિ છે ? ૩) વધારે પડતી જીવ વિરાધના છે ? ૪) કે કોઈ આરાધના ડિસ્ટર્બ થાય છે ?



Scanned by CamScanner

૧) પહેલો જવાબ 'અસભ્યતા' કહેવો યોગ્ય નથી. જે શ્રાવકો ધાર્મિક પ્રસંગોમાં બૂફે નથી કરતા તેઓ પણ સામાજિક પ્રસંગોમાં બૂફે પ્રાયઃ રાખતા હોય છે. સભ્ય સમાજના કરોડપતિઓ પણ બૂફે રાખે છે ને એમાં બીજા એવા જ ધનાઢ્યો અગ્રણીઓ કોઈપણ જાતની શરમ કે સંકોચ વિના મસ્તીથી જમે છે. પછી અસભ્યતા શી?

પ્રશ્ન : તો પહેલાના જમાનામાં એ કેમ અસભ્યતારૂપ હતું?

ઉત્તર : કારણ કે એ વખતે સભ્ય કોઈ વ્યક્તિ ઊભા ઊભા ખાતી નહોતી. પણ સભ્યતાના માપદંડ બદલાતા હોય છે. પહેલાં સગા ભાઈ-બહેન પતિ-પત્ની બનતા હતા.. પછી મામા-ફઈના સંતાનો લગ્ન કરતા હતા... અત્યારે એ પણ નથી. એટલામાત્રથી કાંઈ અસભ્યતા નથી કહેવાતી.

૨) બૂફેમાં અપમાનની પ્રતીતિ છે એવું પણ નથી. પોતાના વેવાઈ કે જમાઈ પણ બૂફેમાં ઉભા ઊભા જમતા હોય તો પ્રીતિ - બહુમાનનો જ અનુભવ કરે છે.. અમારું અપમાન કર્યું-નાલેશી કરી એવું કોઈ પ્રતીત કરતુ નથી. તેથી બીજો જવાબ પણ ઉચિત નથી... ઉલટું કેટલીયવાર જગ્યા ટૂંકી હોય ને છતાં બેસાડીને જ જમાડવાનો કદાગ્રહ હોવાથી સાધર્મિકોના અપમાન ને નાલેશી થતાં હોય છે.. જમવા માટે મોટી મોટી લાઈનો લાગે... કલાક-કલાક સુધી સાધર્મિકોએ ઊભા રહેવું પડે... જે જમવા બેસી ગયા છે એની પણ સામે-જાણે કે છાતી પર- તમે જમવાનું જલદી પૂરું કરો, એટલે અમે બેસીએ... આવી ભાવનાવાળા અનેક ઊભા હોય.. આ સાધર્મિકોનું અપમાન નથી? નાલેશી નથી?



Scanned by CamScanner

૩) શહેરી કરણના આ કાળમાં વધારે પડતી જીવવિરાધનાની સંભાવના પણ બેસાડીને જમાડવાના આગ્રહમાં છે. કારણ કે બેસાડીને જમાડવા માટે જગ્યા મોટી જોઈએ. નજીકમાં ન હોય તો દૂર કોઈ મેદાન લઈને મોટા મોટા મંડપ નાખવામાટે ઘાસ-પાણી-ત્રસકાય વગેરેની કેટલીય વિરાધનાઓ... સંઘના દરેક સભ્યો લગભગ ટુ-થ્રી કે ફોર વ્હીલરમાં જાય એની વિરાધનાઓ... વરસાદ હોય તો એની ચિક્કાર વિરાધનાઓ.. સંઘની જ જગ્યામાં જમવાનું હોય તો કદાચ બૂફે કરવું પડે, પણ આમાંની ઘણી વિરાધના અટકી શકે.

૪) 'બૂફે રાખવામાં બાકીનો કાર્યક્રમ ડિસ્ટર્બ થાય છે' એવું પણ નથી ઉલટું બેસાડીને જમાડવાના કદાગ્રહમાં એવુ ક્યારેક જોવા મળ્યું છે કે પહેલાં રાખેલી સાધર્મિક ભક્તિમાં જ એટલો ટાઈમ લાગી જાય કે પછી જે ભાવયાત્રા કે એવો કાર્યક્રમ હોય એ સાવ ડિસ્ટર્બ થઈ જાય.

બાકી બૂફે જો ખરાબ છે તો એ જેના કારણે સ્વામિવાત્સલ્યમાં પ્રવેશ પામ્યું છે તે ૨૫-૩૦ વાનગીઓ રાખવી એ પણ ખરાબ છે એમ કહેવું પડે. અને એ જો ખરાબ નથી તો બૂફે ખરાબ નથી એમ પણ કહેવું જોઈએ.

સાવધાનઃ બેસાડીને થતી સાધર્મિક ભક્તિ વગેરેનો હું કાંઈ વિરોધી નથી, પણ પરિસ્થિતિ વગેરેનો કાંઈ વિચાર કરવો નહીં, અને બૂફેના કદાગ્રહભરેલા વિરોધ કર્યા કરવા એ સાવ ભ્રમણારૂપ છે. તથા જેમની નિશ્રામાં થતાં પ્રસંગમાં બૂફે ન હોય તે મહાત્મા મહાન્ આચારચુસ્ત... અને બૂફે થતાં હોય તે મહાત્મા શિથિલ... આવી માન્યતા લોક માનસમાં ફીટ કરતા રહેવું.. આ બધું જે ખોટું થઇ રહ્યું છે તેનો માત્ર



Scanned by CamScanner

નિષેધ કરવા માટે જ આ વિચારો છે.

બાકી શ્રાવકો બૂફે રાખે કે ન રાખે એને સાધુઓના સંયમ જીવનના આચારો સાથે કોઈ સ્નાન કે સૂતક નથી... વળી આપણા શ્રાવક જીવનના આચારો સાથે પણ એને કોઈ સ્નાન કે સૂતક હોય એમ જણાતું નથી, કારણ કે સારા આરાધકપણાં માટે જેમ કંદમૂળ ત્યાગ, રાત્રિભોજન ત્યાગ વગેરે આવશ્યક મનાયેલા છે એમ બૂફે ત્યાગ, મનાયેલો નથી. સારા-સારા આરાધકો પણ ક્યારેક પોતાના રોજિંદા જીવનમાં ઉભા ઉભા ખાતા હોય છે. 'આ પાપ છે, વિરાધના છે',એવો ડંખ સુધ્ધાં અનુભવતા હોતા નથી. પ્રાયશ્ચિત્ત લેતા નથી. એમ પોતાના સામાજિક પ્રસંગોમાં બૂફે ભોજન રાખતા હોય છે. સ્વયં જમતા હોય છે, બીજાઓને બેરોકટોક જમાડતાં હોય છે. ને 'આ વિરાધના છે' એવો કોઈ જ ભાવ મનમાં હોતો નથી. બીજાઓના બૂફે ભોજનમાં પોતે પણ સંકોચ વગર જમતાં હોય છે.

## વીડિયોગ્રાફી અને ફોટા

પ્રશ્ન : એક તિથિપક્ષના મહાત્માઓ વીડિયોગ્રાફીની ના નથી પાડતા આ શિથિલતા નથી ?

ઉત્તર : બૂફેની જેમ જ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી... આ મહાત્માઓનો વિષય જ નથી, આપણો શ્રાવકોનો વિષય છે. એટલે મહાત્માઓએ રાખવાનું પણ ન કહેવાનું હોય કે ન રાખવાનું પણ ન કહેવાનું હોય. પણ જે મહાત્માઓ માત્ર વીડિયોગ્રાફીનો નિષેધ કરે છે, તેઓના શ્રાવકો દ્વારા ફોટોગ્રાફી વગેરે જે જે આયોજનો થાય એ દરેકમાં તેઓની



Scanned by CamScanner

સંમતિ આવી જતી હોવાથી એ બધામાં થતી વિરાધનાનો દોષ તેઓને લાગી કેમ ન જાય ?

પ્રશ્ન : જેમ સાધર્મિક ભક્તિ વગેરેનાં મેનુમાં અભક્ષ્ય વાનગી હોય તો નિશ્રાદાતા મહાત્મા ના પાડે છે. એમ વીડિયોગ્રાફીની ના ન જાણવી જોઈએ ?

ઉત્તર: ફોટોગ્રાફી અભક્ષ્યની કક્ષામાં નહીં અને વીડિયોગ્રાફી અભક્ષ્યની કક્ષામાં... આવું શાના આધારે? કોઈ શાસ્ત્રમાં છે? કે પછી તમે ના પાડો છો-માત્ર એ જ કારણે વીડિયોગ્રાફી અભક્ષ્યની કક્ષામાં અને તમે ના નથી પાડતા માટે ફોટોગ્રાફી ભક્ષ્યની કક્ષામાં ?

પ્રશ્ન : ફોટો તો સ્થાપના નિક્ષેપ છે.. તેથી એનો નિષેધ ન હોય.. પણ વીડિયો તો ચલચિત્ર છે.. એનો નિષેધ શા માટે નહીં ?

ઉત્તર : ચિત્ર (ફોટો) જો સ્થાપના નિક્ષેપ છે તો ચલચિત્ર શા માટે નહી? વળી મહત્ત્વની વાત, આ કોનો સ્થાપના નિક્ષેપ અને તે શા માટે? ગુરુભગવંતોનો કે ગૃહસ્થોનો? પ્રભુનો સ્થાપના નિક્ષેપ (ફોટો) ઉપાસના માટે હોય છે. એમ ગૃહસ્થોનો કાંઈ એ માટે હોય નહીં... એટલે ગુરુ ભગવંતોનો જ માનવાનો રહે. અને તો પછી એ ગુરુભગવંતો શ્રાવકોને શું એમ કહેવા માગે છે કે અમારા ફોટો પાડો, વાંધો નહીં. અમે ના નહીં પાડીએ... પણ વીડિયો નહીં ઉતારતા...?

પ્રશ્ન : ફોટો પાડવાની હા ન પાડે, માત્ર ના નહીં પાડે તો ?



Scanned by CamScanner

ઉત્તર : વીડિયોની ના પાડે, ને ફોટાની ના ન પાડે તો ફોટામાં એમની સંમતિ છે (અને તેથી એમાં થનારી વિરાધનામાં એમની સંમતિ છે) એ સિદ્ધ થઈ જ જાય છે.

વળી, ગુરુભગવંતોના જ વીડિયોનો જો વાંધો છે, જે પ્રસંગમાં રાત્રે વિદાય વગેરે કાર્યક્રમમાં ગુરુભગવંત હાજર હોતા જ નથી એનો વીડિયો ઉતારે એનો કેમ નિષેધ કરો છો?

તથા, વીડિયોગ્રાફીને જો કંદમૂળ વગેરે અભક્ષ્યની કક્ષામાં મૂકીને ના પાડો છો, તો આરાધક શ્રાવકોને એમના લગ્ન વગેરેરૂપ સામાજિક પ્રસંગોમાં પણ એની ના કેમ નથી પાડતા? કોઈ અન્ય ગૃહસ્થદ્વારા ઉતરાઈ રહેલી વીડિયોમાં પોતાના ફોટા ન આવી જાય એવી સાવધાની તમારા આરાધક શ્રાવકો કેમ નથી રાખતા? એટલે, સાધર્મિક ભક્તિના મેનુમાં કંઈક અભક્ષ્ય હોય ને મહાત્માઓ એની જે ના પાડે એવી આ ના નથી, એ સ્પષ્ટ છે. અને તેથી માત્ર વીડિયોગ્રાફીની ના, ફોટોગ્રાફી વગેરે બીજું જે કાંઈ ગૃહસ્થો કરી રહ્યા હોય એની સંમતિરૂપ ઠરે છે અને તેથી નિશ્રાદાતા મહાત્માઓને એમાં થનારી વિરાધનાનો દોષ શા માટે ન લાગે?

પ્રશ્ન : સાધર્મિક ભક્તિના મેનુમાં અભક્ષ્યની ના તમે પાડો છો તો તમને પણ શેષ વાનગીઓ બનાવવામાં થતી વિરાધનાનો દોષ ન લાગે?

ઉત્તર : શ્રાવકોને માત્ર ધાર્મિક પ્રસંગોમાં જ નહીં, એમના રોજીંદા જીવનમાં પણ આ ચીજો વર્જ્ય છે, આ વર્જ્યતા રૂપે એનો નિષેધ છે.. બાકીની વાનગીઓ વર્જ્ય



Scanned by CamScanner

નથી માટે એનો દોષ લાગતો નથી.. વળી દીક્ષા વગેરેમાં ફોટાની ના નહીં. ને વીડિયોની ના, આવું શા કારણે ?

વીડિયોમાં વિરાધના છે તો ફોટામાં પણ વિરાધના છે જ..
વીડિયો આધુનિક છે તો ફોટાપણ આધુનિક છે...

પ્રશ્ન : ફોટા તો આત્મારામજી મહારાજ વગેરેના પણ મળે છે. પછી એને આધુનિક શી રીતે કહેવાય ?

ઉત્તર : શ્રી આત્મારામજી મહારાજના કાળમાં તો ફોટા પણ આધુનિક હતા. એટલે આધુનિકતા હોવા છતાં શ્રી આત્મારામજી મહારાજ વગેરેએ એની ના પાડી નથી તો આધુનિકતાના નામે વીડિયોને પણ ના પાડી શકાય નહીં. વળી થોડા વર્ષો પછી વીડિયો પણ જુનો થઈ ગયો હશે... તો શું પછી એની ના નહીં પાડો ? તથા હાલ જે ફોટા લેવાય છે તે ડીજીટલ હોવાથી આધુનિક જ છે. તેથી આધુનિકતાના નામે ના પાડવાની હોય તો જુની ઘરેડના કેમેરાથી લેવાતા બ્લેક અને વ્હાઈટ ફોટા સિવાયના બધા ફોટાની ના પાડવી જોઈએ.

'દીક્ષા વગેરે શુભપ્રસંગોના ફોટા જોવાથી એ પ્રસંગો યાદ આવવાના કારણે શુભભાવો જાગે છે... માટે ફોટાની ના નથી...' જો આવું કહેશો તો ફોટા કરતાં પણ વીડિયો જોવામાં એ પ્રસંગો વધારે જીવંત લાગવાથી શુભભાવો વધારે પ્રબળ જાગે છે. પછી એની ના શા માટે ? વીડિયો ઉતરવાની સાથે દીક્ષાનો કાર્યક્રમ જ્યારે લાઈવ ટેલીકાસ્ટ થાય છે ત્યારે સેંકડો-હજારો કિ.મી. દૂર રહેલા દેશ-પરદેશના હજારો ભાવુકો ઓછે-વધતે અંશે સંવેગ-વૈરાગ્યમાં ભીંજાય



Scanned by CamScanner

છે. (જેમકે મુમુક્ષુ ભંવરલાલજીની દીક્ષામાં). પછી એની ના શા માટે ?

પ્રશ્ન : આ રીતે સંવેગ-વૈરાગ્યમાં ભિંજાવાનું થાય, એમાં કોઈ પ્રમાણ ?

ઉત્તર : હજારો ભાવુકોનો અનુભવ એ જ પ્રમાણ છે.

પ્રશ્ન : તો અમને આવો અનુભવ થવાની વાત કેમ ખોટી લાગે છે ?

ઉત્તર : પ્રભુપ્રતિમાના દર્શન વગેરેથી શુભભાવોના અનુભવ અંગે પણ, જેઓ પ્રભુપ્રતિમાનો કદાગ્રહ ભરેલો વિરોધ કરે છે એમને આવા અનુભવની વાત ખોટી જ લાગે છે, પણ એટલા માત્રથી એ જેમ ખોટી નથી, એમ આ બાબતમાં જાણવું જોઈએ.

પ્રશ્ન : પણ ઘરમાં એ.સી. માં કે પંખા નીચે સોફા પર બેઠા T. V. પર લાઈવ ટેલીકાસ્ટ થતી કે વીડિયોદ્વારા ફિલ્માતી દીક્ષા જોઈને શુભભાવો શી રીતે જાગે ?

ઉત્તર : આ રીતે સોફાપર બેસીને ગમે તેવી ગંદી મુવી-ફિલ્મો જોતી વખતે જો અશુભભાવો જાગે છે તો આમાં શુભભાવો ન જ જાગે એમ કહી શકાય નહીં...

પ્રશ્ન : જો આ જોવાથી શુભભાવો જાગતા હોય, સંવેગ-વૈરાગ્ય વધતાં હોય, તો તો સાધુ-સાધ્વીજી ભગવં-તોએ પણ દીક્ષાની કેસેટ જોવી ન જોઈએ ?

ઉત્તર : પ્રભુની પૂજા કરવાથી જો (શ્રાવકોને) શુભભાવો જાગે છે તો તો સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ પ્રભુપૂજા કરવી ન જોઈએ ? આવો પ્રશ્ન કરનારાને શાસ્ત્રના જાણકારો મૂઢ અને મૂરખ કહે છે એ ભૂલવું ન જોઈએ.



Scanned by CamScanner

સાધુઓ પોતાના રોજિંદા જીવનમાં એકેન્દ્રિયજીવોની પણ અંશમાત્ર વિરાધના કરતાં નથી. ને તેથી એકેન્દ્રિય જીવોની વિરાધનાથી સંકળાયેલી એવી પ્રભુપૂજા એમને કરવાની હોતી નથી. એનો અર્થ જ કે એમને એનાથી શુભ-ભાવો જાગી શકતા નથી.

પ્રશ્ન : જેમણે મુમુક્ષુપણામાં ખૂબ ભાવવિભોર બનીને પ્રભુપૂજા કરી હતી એમને દીક્ષા લીધા પછી જો પૂજા કરે તો એવા શુભભાવ કેમ ન જાગે ?

ઉત્તર : એમને પાણી વગેરેનો સ્પર્શમાત્ર થવામાં પણ 'વિરાધના' 'વિરાધના' એનો ધ્રાસ્કો એવો પડે કે શુભભા-વને પ્રગટવાના કોઈ ચાન્સ જ ન રહે.

પ્રશ્ન : પણ જેને એવો ધ્રાસ્કો ન પડતો હોય એને તો શુભભાવ જાગી શકે ને ?

ઉત્તર : ધ્રાસ્કો ન પડે એનો અર્થ વિરતિપરિણામ રહ્યો નથી. એ હોય તો તો ધ્રાસ્કો પડે જ. અને જે ભાવો વિરતિ-પરિણામનો ભોગ લઈને જાગે એને શુભ કહેવાય જ શી રીતે ?

વળી પ્રભુપૂજા (દ્રવ્યસ્તવ)... એનું એક પ્રયોજન છે સંયમજીવનની (ભાવસ્તવની) પ્રાપ્તિ... સાધુઓને એ પ્રાપ્ત થઈ જ ગયું છે. માટે પણ પ્રભુપૂજા કરવાની હોતી નથી.

આ જ રીતે T. V. વીડિયો વગેરે સાવદ્ય હોવાથી સર્વ સાવદ્યયોગના ત્યાગી સાધુને પાપ! પાપ! એવો ધ્રાસ્કો જ એવો પડે કે સંવેગ-વૈરાગ્યને જાગવાનો અવકાશ જ ન રહે.

પ્રશ્ન : તો તો જે શ્રાવકોએ પણ આજીવન T. V. વગેરેનો ત્યાગ કર્યો  છે એમને દીક્ષાની કેસેટ પણ ન જ જોવી જોઈએ ?

ઉત્તર : ન જ જોવી જોઈએ, પ્રશ્ન જ ક્યાં છે ?

વળી, સાધુ તો સંવેગ-વૈરાગ્ય પામી જ ગયા છે. તેથી પણ T. V. પર કેસેટ જોવાની હોતી નથી.

પ્રશ્ન : T. V. એ બહુ મોટું પાપ છે.. આવી દૃઢ શ્રદ્ધા હોવા છતાં જે શ્રાવક આસક્તિને વશ થઈ T. V. જુએ છે.. એને T. V. પર દીક્ષાની વીડિયો કેસેટ જોતી વખતે આશક્તિ ન હોવાથી બહુ મોટું પાપ! બહુ મોટુ પાપ! એવો ધ્રાસ્કો નહીં પડે ? અને એ પડે તો સંવેગ-વૈરાગ્ય શી રીતે જાગે ?

ઉત્તર : જે શ્રાવક પોતાના સાંસારિક પ્રયોજનો માટે અને એ સિવાય મોજશોખ માટે પણ બાલ્દીઓ ભરીને પાણી વાપરે છે, ત્યા એને વિરાધના! વિરાધના! એવો ધ્રાસ્કો નથી પડતો, અને પ્રભુનો પ્રક્ષાલ કરતી વખતે વિરાધના! વિરાધના એવો ધ્રાસ્કો પડે તો એ એની મૂઢતા છે એવું ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા શ્રીહરિભદ્રસૂરિ મહારાજે સ્પષ્ટ શબ્દોમાં શ્રી પંચાશકજી વગેરે ગ્રંથોમાં કહ્યું છે.

એમ, વાસનાનું ભયંકર પોષણ થાય એવી સીરિયલો ને વીડિયો-મુવીને જોતી વખતે જેને પાપ! પાપ! યાદ નથી આવતું.. એ ગૃહસ્થ, દીક્ષાની કેસેટ જોતી વખતે પાપ! પાપ! કરે તો એ એની મૂઢતા છે એ સ્પષ્ટ જ છે, કારણકે વાસનાની દવાને એ નકારી રહ્યો છે.



Scanned by CamScanner

ભયંકર કબજિયાત! જે ખાય એના મળનો પેટમાં ભરાવો! આ દર્દી દિવેલ લેવાની પણ ના પાડે તો એ એની મૂઢતા જ છે ને? અને જેઓ એને દિવેલ મળે જ નહીં એવી ગોઠવણ કરે તેઓ એના ઘોર શત્રુ જ છે ને?

એક શ્રીમંત શ્રાવક છે.. એને બે દીકરા પ્રથમ દીકરાના ધામધૂમથી લગ્ન કર્યા... લગ્ન સંબંધી દરેક પ્રસંગોની વીડિયો.. અનેક વીડિયો. પણ પછી બીજા દીકરાને વૈરાગ્ય થયો.. દીક્ષા થઈ.. દીક્ષા સંબંધી બધા પ્રસંગો પણ ખૂબ રંગેચંગે કર્યા... પણ 'વીડિયોગ્રાફી તો કરાય જ નહીં' આવા મૂઢતાભરેલા અને મૂર્ખતાભરેલા કદાગ્રહથી ગ્રસ્ત સમુદાયમાં દીક્ષા થઈ... એટલે વીડિયો ઉતરી નહીં, એની કેસેટ્સ બની નહીં..

થોડા વખત બાદ.. જ્યારે અવકાશ મળે... જુના પ્રસંગોને વાગોળવાની ઈચ્છા થાય... ત્યારે ડ્રોઅર ખોલે છે, કેસેટ કાઢે છે ને એને જુએ છે... રાગનું ને વિકાર-વાસનાના ભાવોનું પોષણ થાય છે.. કારણકે લગ્નની કેસેટો છે... જેનાથી રાગ-વિકાર વાસના મોળા પડે અને સંવેગ-વૈરાગ્ય કંઈક પણ સ્પર્શે એવી દીક્ષાની કેસેટ્સ તો છે નહીં.. એટલે બીજીવાર અવકાશ મળ્યો ત્યારે પણ લગ્નની જ કેસેટો જોવાની રહી.. પાછા વિકાર-વાસના વધાર્યા.. વૈરાગ્યવર્ધક સામગ્રીરૂપે કેસેટ્સ છે જ નહીં, તો બીજું જુએ પણ શું?

પણ એમને વૈરાગ્યવર્ધક આવી કેસેટોથી વંચિત રાખવાના દોષનો ટોપલો કોના માથે?

**પ્રશ્ન : પણ દીક્ષાનાં પ્રસંગની કેસેટ જોવાથી સંવેગ-વૈરાગ્ય સ્પર્શવાની સંભાવના છે?**



Scanned by CamScanner

ઉત્તર : દીક્ષાર્થી પરિવાર કેટલીય વિરાધનાઓ કરીને પત્રિકા છપાવે... દૂર-સુદૂર રવાના કરે.. કેટલીય ભયંકર વિરાધનાઓ કરીને વિશાલ મંડપો રચાય... સેંકડો-હજારો ભાવુકો સેંકડો-હજારો કિ.મી. નો વાહનદ્વારા ઢગલો વિરાધનાજન્ય પ્રવાસ કરીને દીક્ષાનો પ્રસંગ જોવા આવે... નિશ્રાદાતા એ મહાત્માઓ આ બધી વિરાધનાનો નિષેધ કેમ નથી કરતા? એટલા માટે કે દીક્ષાનો પ્રસંગ જોઈને સંવેગ - વૈરાગ્યના ભાવો કંઈક પણ સ્પર્શી જાય એની સંભાવના ઘણી છે... બાકી બીજાની દીક્ષા જાઈને જ પોતાને પણ વૈરાગ્ય થયો અને પછી ગુરુભગવંતના સાન્નિધ્યમાં ટ્રેનિંગ લઈને યોગ્યતા કેળવીને દીક્ષા લીધી હોય એવા ઢગલાબંધ શ્રમણ - શ્રમણી ભગવંતો આજે પણ સંયમજીવનની સુંદર સાધના કરી રહ્યાં છે.

લાઈવ ટેલીકાસ્ટ હોય કે વીડિયો કેસેટ હોય... એમાં પણ આ જ પ્રસંગો જોવાના છે. તો સંવેગ- વૈરાગ્ય સ્પર્શ-વાની સંભાવનાને નકારી કેમ શકાય ?

મંડપમાં હાજર રહીને તો પાંચ-દશ કે પંદર હજાર ભાવુકો દીક્ષા જોઈ શકે.. ને એ માટે પુષ્કળ વિરાધનાઓ.. વ્યવસ્થાઓ... ખર્ચ અને મહેનત જરૂરી બને... જ્યારે લાઈવ ટેલીકાસ્ટ - વીડિયો કેસેટ દ્વારા ૨૫-૫૦ હજાર કે લાખ કે લાખો ભાવુકો પણ આ પ્રસંગને માણી શકે ને સંવેગ-વૈરાગ્યને સ્પર્શી શકે...

પરદેશમાં વસતા કેટલાય ભાવુકોને આ સિવાય તો આવા પ્રસંગ જોવાના ચાન્સ જ હોતા નથી... પછી એનો નિષેધ કરવામાં શું ડહાપણ છે? એ તો મને લાગે છે કે કેવલી ભગવંત પણ જણાવી ન શકે...

પ્રશ્ન : ટેલીકાસ્ટ.. વીડિયો.. આ બધા એવા મીડીયા છે કે જેના પર ઢગલાબંધ અશ્લીલ વાતો પીરસાતી હોય... દીક્ષા પ્રસંગ વગેરે માટે એનો ઉપયોગ કરવો એ આડકતરી રીતે એનું સમર્થન ન કરી દે?

ઉત્તર : એમ તો પ્રિંટ મીડિયા પણ એવું મીડિયા છે કે જેમાં પાપ સાહિત્ય જ ખૂબ પીરસાય છે... છતાં મહાત્મા-ઓ વૈરાગ્ય-પોષક પુસ્તકો લખે છે... પ્રકાશન કરાવે છે.. ને પ્રેરણા દ્વારા પ્રચાર પણ કરાવે છે... આનાથી પ્રિન્ટ મીડિયાનું સમર્થન નહીં થઈ જાય? આવો પ્રશ્ન ઉઠાવાતો નથી, પણ વૈરાગપોષક પુસ્તક એના બુકસેલ્ફમાં રહ્યું હશે તો ક્યારેક પણ વાંચવાના ચાન્સ રહેશે ને એ રીતે વૈરાગ્યને સ્પર્શવાના ચાન્સ રહેશે... આવી હકારાત્મક સંભાવના જ વ્યક્ત કરાય છે... આ જ વાત વૈરાગ્યપોષક કેસેટ્સ ને પણ કેમ લાગુ ન પડે...?

બાકી જેઓ વીડિયોગ્રાફીને નકારે છે એમની પણ ઢગલા બંધ વાતો- સમાચારો - ઈવેન્ટ.. જે ખૂબ વગોવા-યેલ છે એવા વોટ્સપ વગેરે સોશ્યલ મીડિયાપર વાયરલ થતી જ હોય છે. એને કેમ નકારતા નથી? આ પ્રશ્ન તમારે ઉઠાવવો જોઇએ. ખુદ સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મ.ની

નિશ્રામાં અમદાવાદ જૈનનગરમાં શ્રી ધર્મનાથ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે વીડિયો ઉતરેલી... એમાં યુવાન્ સ્ત્રી નાચ કરી રહી છે એવું હજારો લોકોએ વાયરલ થયેલી એ વીડિયો માં જોયું છે. એટલે હવે શ્રી રામચંદ્રસૂરિ મહારાજને તમે શિથિલ કહેશો ને ?

એક અન્ય વાત - જે સંયમી પૂર્વના કોઈ એવા કર્મના ઉદયવશાત્ સંયમમાં અસ્થિર થઈ ગયા છે ને હવે ઘરે પાછા જવાના વિચારમાં છે. એમને સંયમમાં સ્થિર કરવાના અનેક ઉપાયો શાસ્ત્રમાં દર્શાવ્યા છે. એમાંનો એક ઉપાય છે - એ સંયમીને એનો પ્રવ્રજ્યા સ્વીકારનો પ્રસંગ ઉપસ્થિત કરાવવામાં આવે છે... કેવો ઉછળતો વૈરાગ્ય... કેવા ઉલ્લાસ ભરેલા ભાવો... ચતુર્વિધ સંઘમાં હજારોના આશીર્વાદ... ભવ્ય માહોલ... આ બધું કહેવા દ્વારા એને યાદ કરાવવામાં આવે છે... કદાચ એનાથી એના સંવેગ - વૈરાગ્ય પાછા વધી જાય અને એટલેએ સંયમમાં સ્થિર થઈ જાય...

જ્યારે આવા બધા જ ઉપાયો અજમાવવા છતાં એ આત્મા જાગ્રત ન થાય અને ઘરે જ જવાની ઈચ્છા વ્યક્ત કરે, ત્યારે એના સ્વજનો જો એની દીક્ષાની કેસેટ દેખાડવા દ્વારા આખો પ્રસંગ એની સામે જીવંત કરી દે તો એને સંયમમાં જ સ્થિર રહેવાની સંભાવના અનેકગણી વધી જાય આ સત્યને કોઈ નકારી શકે એમ નથી...

પણ દીક્ષાની વીડિયોગ્રાફી કરી જ ન હોય... કેસેટ બનાવી જ ન હોય... તેથી જોઈને પાછા સંયમમાં સ્થિર થવાનો ચાન્સ જ ન હોય... તો આ એ અસ્થિર થયેલા સંયમીની કેટલી મોટી કમનસીબી કહેવાય ? સંયમ છોડ-



Scanned by CamScanner

વાનું અને અબજો ભવે મળેલા સંયમજીવનથી ભ્રષ્ટ થવાનું.. સંઘમાં અને સમાજમાં મુખ ન બતાવી શકાય એવી નાલેશી... નાની ઉંમરમાં દીક્ષા લીધેલી એટલે ભણ્યા - ગણ્યા નહોતા.. તેથી જીવનનિર્વાહની ચિંતા... જેમ સંયમ લેવાથી પ્રચંડ પુણ્યોદય થાય છે. એમ સંયમ છોડવાથી પ્રચંડ પાપનો ઉદય ને એ જ કારણે અનેકવિધ દુઃખોના પહાડ... જ્યાં જાય ત્યાં પરાભવ... ને ભવાંતરમાં દુર્ગતિઓની પરંપરા... કદાચ બોધિદુર્લભતા પણ...

એના પરિવારને પણ એ સંયમમાં સ્થિર ન થવાના કારણે સંસારમાં પાછો આવે તો સમાજમાં આબરુના ધજાગરા.. નાલેશી... વળી એને બધી રીતે ઠેકાણે પાડવાની જફા.. તથા પરિવારમાંથી આ કારણે બીજા કોઈ ધર્મવિમુખ કે ધર્મવિરોધી બની જાય તો એ નુકશાન વધારામાં અન્ય કોઈ સ્વજનને દીક્ષાની ભાવના થાય તો આને આગળ કરીને એને પણ અંતરાય.. એ બિચારાને સંયમથી વંચિત રહેવાનું નુકશાન..

એના ગુરુભગવંતની પણ આ નિમિત્તે કંઈક તો નાલેશી થાય જ.. બીજાઓ આ અંગે પૂછે ત્યારે જવાબ આપવામાં શરમ-સંકોચનો અનુભવ. ક્યારેક માયાથી ગલત જવાબ આપવાનું પણ બની શકે... કોઈ નવો મુમુક્ષુ કે એના સ્વજનો આ ગુરુ પાસે કે કોઈની પણ પાસે દીક્ષાની લેવાની ના પાડી દે તો શિષ્યપ્રાપ્તિમાં અંતરાય...

શ્રી જૈનશાસનની પણ કંઈક બદનક્ષી તો થાય જ. છાપે ચઢે તો કેટલીય અવહીલના... નિંદકોને નિંદા કરવાનો ને વિરોધીઓને વિરોધ કરવાનો અવસર મુદ્દો મળી રહે...



Scanned by CamScanner

જો વીડિયો કેસેટ હોત ને એ જોઈને એ સ્થિર થઈ જાત તો એના સહિત આ બધાને આવા બધા નુકશાનથી બચાવ મળી જાત... આ લાભને જેવો તેવો ને માની શકાય.

ટૂંકમાં વિરાધના હોવા છતાં, વૈરાગ્ય વગેરે શુભભાવોના પોષણની સંભાવના હોવાથી જો પુસ્તકો કે ફોટાનો નિષેધ નથી, તો વીડિયોકેસેટમાં તો વૈરાગ્યના પોષણની સંભાવના પુષ્કળ વધારે હોવાથી એનો નિષેધ એ નિષેધ કરનારના અજ્ઞાન સિવાય બીજું શું છે?

એટલે જ જેઓ ફોટાનો પણ નિષેધ કરે છે એ પણ એમના અજ્ઞાન સિવાય બીજું કશું જણાતું નથી.

અથવા બધા કરતાં કંઈક અલગ કરવું ને એ રીતે પોતાની જાતને બીજાઓ કરતાં વિશિષ્ટ ચુસ્ત બતાવવી... આવી પણ આજકાલ એક ફેશન છે. જો કે આ માત્ર બતા-ડવા માટે હોય છે. બાકી ક્યારેક તેઓના પ્રસંગમાં પણ વીડિયોગ્રાફી થતી જ હોય છે. જેઓ વિરોધ કરે છે એમના જ ગચ્છાધિપતિના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે વીડિયો ઉતરી છે. મોબાઈલ-વોટ્સઅપ વગેરે દ્વારા હાઈ-ટેક પ્રચાર પણ ખૂબ જ થતો હોય છે.

પ્રશ્ન : દીક્ષાર્થી પરિવાર વીડિયોગ્રાફી માટે પૂછે તો શું નિશ્રાદાતા મહાત્માએ હા પાડવી જોઈએ?

ઉત્તર : હા નહીં પાડવી, કારણ કે એમાં વિરાધના છે. ના પણ નહીં પાડવી, કારણ કે એના સંભાવિત લાભોથી યોગ્ય જીવોને વંચિત રાખવાનો એમને દોષ લાગે.



Scanned by CamScanner

# વ્હીલચેર V/S ડોળી

પ્રશ્ન : એક તિથિપક્ષમાં વ્હીલચેર વપરાય છે વ્હીલચેર એક પ્રકારનું વાહન છે. વાહન વાપરવું એ શિથિલતા નથી ?

ઉત્તર : જ્યારે વિહાર કરવા અશક્ય બની જાય ત્યારે સ્થિરવાસ કરવો આ એક જ વિકલ્પ શાસ્ત્રમાં દેખાડાયો છે. નથી ડોળી દ્વારા વિહારનો વિકલ્પ દેખાડાયો. કે નથી વ્હીલચેર દ્વારા વિહારનો વિકલ્પ દેખાડાયો પણ છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થિરવાસ, કેટલાક કારણસર બધાને શક્ય ન રહ્યો... તેથી પહેલાં ડોળી આવી... (એનો એ કાળે કેટલાકોએ વિરોધ પણ કરેલો) પણ, પછી ડોળીમાં અનેક અડચણો ઉભી થવા માંડવાથી વ્હીલચેર આવી.

ડ્રૉબૅક તો ડોળી અને વ્હીલચેર બંનેમાં છે.. પણ ડોળીમાં વ્હીલચેરની અપેક્ષાએ ઘણા વધારે છે.

૧) ડોળીમાં બેસનારને આંચકા આવ્યા કરે છે...

૨) ગમે તેવી કઠોર મજુરી કરનારા ચાલુ મજુરો પણ ડોળી ઉંચકીને વિહાર કરાવી શકતા નથી. એ માટે ડોળીવાળા જ જોઈએ.. અને એટલે ડોળીવાળા રાજાપાઠમાં આવી જાય છે ને મહાત્માઓને એની પ્રબળ ગરજ ઉભી થઈ જાય છે... પછી, સમાજમાં જેની વિશેષ કોઈ કિંમત નથી, વળી શરાબ-ગૂટખા વગેરે વ્યસનમાં લગભગ ફસાયેલા.. એવા પણ આ મજુરોને મસ્કા મારવા પડે છે... દાઢીમાં હાથ નાખવો પડે છે... વાતે વાતે ખુશ રાખવા પડે છે. એને પૂછીને વિહાર નક્કી કરવાના.. વગેરે પરાધીનતા ભોગવવી પડે છે. અને છતાં અધવચ્ચે ક્યાંક પણ મૂકીને ચાલ્યા તો નહીં જાય ને ? એની સતત લટકતી તલવાર... આ ડર ન



Scanned by CamScanner

રાખવો હોય તો એને નોર્મલ ચાર્જ કરતાં ખૂબ ખૂબ વધારે આપીને - બક્ષિસો આપીને ખુશ રાખવા પડે...

આની સામે વ્હીલચેર તો લગભગ કોઈપણ ચલાવી શકે છે. તેથી આવી પરાધીનતા નહીં... લટકતી તલવાર નહીં... અરે અટકે તો મહાત્મા પણ ચલાવી શકે... અનેક ગ્રુપમાં મહાત્માઓ જ વ્હીલચેર ચલાવતા હોય છે. મહાત્માઓને માનસિક ત્રાસમાંથી છૂટકારો... વ્હીલચેરનો આ શું નાનો લાભ છે?

૩)વ્હીલચેરમાં એક જ માણસ જોઈએ.. ડોળીમાં ઓછામાં ઓછા બે... વળી વજન જરા પણ વધુ હોય તો ચાર માણસ.. અથવા વિહાર સવાર-સાંજ બંને હોય તો બે પેર જોઈએ - ચાર માણસ. શ્રમણી ભગવંતોમાં તો ૧-૧ ડોળી માટે પાંચ પાંચ બહેનો...

૪) વ્હીલચેર મહાત્મા જ ચલાવતા હોય તો તો કોઈ પ્રશ્ન જ નહીં. માણસ રાખ્યો હોય તો પણ એક માણસ... એનો રોજનો પગાર આજના હિસાબે લગભગ ૩૦૦ ₹... ત્રણ ટાઈમ ખવડાવવા પીવડાવવા વગેરેની વ્યવસ્થા... ડોળીવાળો મજુર ઓછામાં ઓછા પાંચસો રૂપિયા લે... એટલે બે મજુર હોય તો ૧૦૦૦ અને ૪ હોય તો ૨૦૦૦ ₹ રોજના.. વળી એ ચારે ને ખવડાવવા પીવડાવવાના...

**શ્રમણી ભગવંતોમાં વ્હીલચેરની ૧ બાઈ**
**સામે ડોળીની ૫ બાઈઓ.**
**શ્રમણ ભગવંતોમાં વ્હીલચેરના ૧ માણસ**
**સામે ડોળીના ૨ કે ૪ ભાઈઓ.**



Scanned by CamScanner

અને મજુરોની આ સંખ્યા વધે એટલે એમના સામાનના ટ્રાન્સપોર્ટેશન વગેરે માટે વેહીકલ અને માણસ.. કેટલી વિરાધના અને કેટલો ખર્ચ વધી જાય એની કલ્પના કરો.

પ્રશ્ન : પણ ખર્ચ આપવા માટે શ્રી સંઘ બેઠો છે, પછી મહાત્માએ શુ ચિંતા કરવાની ?

ઉત્તર : પુણ્યશાળી શાસનપ્રભાવક મહાત્માને તો ચિંતા હોતી નથી. પણ જે મહાત્માઓ એટલા પુણ્યશાળી નથી હોતા એમની હાલત તપાસશો તો ખબર પડશે... અને એટલે જ જે સમુદાયો વ્હીલચરનો નિષેધ કરે છે એ સમુદાયના પણ કેટલાક મહાત્માઓ ડોળીવાળા મજુરોના પગારની વ્યવસ્થા થઈ શક્તી ન હોવાના કારણે વ્હીલચેર વાપરતા હોય છે.

પુણ્યશાળી મહાત્માઓને પણ ક્યારેક શ્રી સંઘ તરફથી ના સાંભળવી પડતી હોય છે, કારણકે બજેટ ખૂબ વધી જતું હોય છે. સાઉથના એક તીર્થનું વિસ્તૃતીકરણ કરવામાં આવેલું.. એની અંજનશલાકા - પ્રતિષ્ઠાના મહોત્સવ માટે એમ. પી. માં રહેલા, વ્હીલચેર ન વાપરનારા ડોળી વાપર-નારા એક શાસનપ્રભાવક મહાત્માને વિનંતી કરવામાં આવી. મહાત્માએ એમ.પી. થી એ તીર્થ અને એ તીર્થ થી પાછા ગુજરાત... આટલા વિહારની વ્યવસ્થા માટે ટ્રસ્ટીઓને કહ્યું. ટ્રસ્ટીઓને આશરે શું ખર્ચ આવે ? એ જાણવાની આવશ્યકતા લાગી. મહાત્માએ કહ્યું: વિશાળ સંખ્યામાં સાધુ - સાધ્વીજી ભગવંતો છે.. વળી કેટલાક મુમુક્ષુઓ છે.. ડોળી વગેરેના માણસો છે... આ માણસોનો પગાર તથા આખા કાફલામાટે (અમારા મોભાને અનુરૂપ બાદશાહી) રસોડું. આ બધાનો ખર્ચ લગભગ દોઢ કરોડ (રીપીટ, દોઢ કરોડ) થશે.. અને ખૂબ



Scanned by CamScanner

ઉલ્લાસથી વિનંતી કરવા આવેલા ટ્રસ્ટીઓએ એટલા જ ઉલ્લાસથી ના પાડી દીધી..! (એકદમ નજીકના ભૂતકાળમાં બનેલી ને મને સાભળવા મળેલી આ એક સાચી ઘટના છે.)

હાલમાં ઘણા વિહારધામોમાં રજીસ્ટર રખાય છે ને એમાં કેટલા મહાત્મા, કેટલા મુમુક્ષુ, કેટલા મજુરો... વગેરે માહિતી નોંધાતી હોય છે. ઘણીવાર એમાં એવું જોવા મળતું હોય છે કે ૧૫-૨૦ મહાત્માઓનું ગ્રુપ હોય, ૧-૨ વ્હીલચેર પણ હોય, છતાં મજુર એકપણ નહીં અથવા એકાદ. અને મહાત્મા ૪-૫ કે ૭ હોય ને છતાં મજુર ૮-૧૦-૧૨-૧૫... આ સંખ્યા વાંચવા મળે એટલે તરત ખબર પડી જાય કે વ્હીલચેર ન જ વપરાય, ડોળી જ વપરાય એવો કદાગ્રહ ધરાવનાર સમુદાય હશે !

અમદાવાદ - મુંબઈ વગેરે મુખ્ય વિહારમાર્ગ પરના વિહાર ધામનો વ્યવસ્થિત સર્વે કરવામાં આવે તો પ્રાયઃ આ જ રીપોર્ટ મળશે કે મજુરોનો સૌથી વધારે લાભ આ ડોળી વાળાઓજ આપે છે. (એ વાત અલગ છે કે વિહારધામમાં લાભ લેવા માટે પોતાના શ્રાવકોને તેઓ પ્રાયઃ ક્યારેય પ્રેરણા કરતા નથી!) (એ વાત પણ અલગ છે કે ગુરુભગવંતને કામળી વહોરાવવાના ચઢાવાની રકમ દેવદ્રવ્યમાં જ જાય એવી જોરશોરથી જાહેરાત કરનારાઓ આ વિહારધામમાં આંશિક રીતે વપરાતી વૈયાવચ્ચખાતાની રકમ કામળીના ચઢાવામાંથી આવી નથી ને? એવી તપાસ કરવાની તસ્દી સુધ્ધાં લેતા નથી... તેઓના મતે જે દેવદ્રવ્ય છે એનું ભક્ષણ કરવામાં તેઓને કોઈ છોછ નથી!)



Scanned by CamScanner

વળી એકબીજી વાતઃ ગોચરીના ૪૨ દોષમાં એક દોષ છે ક્રીતદોષ... જે બનવામાં સાધુનો અંશમાત્ર પણ ઉદ્દેશ નથી, જેમા કશું અભક્ષ્ય નથી... ને શ્રાવક પણ ઉલ્લાસથી એ વસ્તુ સાધુ માટે ખરીદીને વહોરાવે છે.. તો આમાં ક્રીતદોષ કહેવાય છે. આને દોષ કહેવા પાછળ કારણ શું હોય શકે? તો એમાં એક વિચાર એવો પણ સાંભળવા મળ્યો છે કે સાધુ-નિમિત્તે દુકાનદારને જે રકમ મળી, એ રકમમાંથી એ દુકાનદાર જે કાંઈ પાપ કરશે એમાં નિમિત્ત બનવાનો દોષ સાધુને લાગે છે.

આ જ વાત પ્રસ્તુતમાં પણ વિચારવી જોઈએ. વ્હીલચેર હોય તો રોજના ૩૦૦₹ જ અપાય... ડોળી હોય તો રોજના ૧૦૦૦ કે ૨૦૦૦... સાધુએ કેટલા બધા પાપમાં નિમિત્ત બનવાનું?

૫)મહાત્મા સાથે રહેલા મજુરો મહાત્મા માટે રહ્યા છે.. વિહાર તો ૨-૩ કલાક હોય.. પછી આખો દિવસ જે કાંઈ ન્હાવું-ધોવું-ખાવું-પીવું-હરવું ફરવું... વગેરે કરે, એ બધામાં થતી વિરાધનાઓ, ગૂટખા-બીડી-શરાબ વગેરે વ્યસનના પાપો, મોબાઈલમાં ખરાબ-ખરાબ જોઈને કરાતા વાસના-પોષણાના પાપો... મજુરો આવું બધું જે કાંઈ કરે છે તેની વિરાધનાનો દોષ મહાત્માને પણ લાગે છે... વ્હીલચેર હોય તો ૧ માણસવડે કરાતી વિરાધનાનો, અને ડોળી હોય તો ૨-૪ કે ૫ વ્યક્તિદ્વારા કરાતી વિરાધનાનો દોષ લાગે છે.. કેટલી બધી વધારે વિરાધના?

૬)વ્હીલચેર તો મહાત્મા પણ ચલાવી શકે. ડોળી માટે તો અનેક માણસો જોઈએ જ, બધાનો ભારે પગાર, રોજનું



Scanned by CamScanner

૩ ટાઈમ ખવડાવવાનું, ને પુષ્કળ વિરાધનાઓ.. એટલે ડોળી વાપરનાર કંઈક પણ વિચાર કરનાર હોય તો એમના મનમાં સતત એક વિચાર રહ્યા કરે કે જ્યાં પહોચવાનું છે ત્યાં જલ્દી (ઓછા દિવસમાં) પહોંચી જઈએ... એટલે વચ્ચે આવતા ગામ-નગરોના સંઘોનો ગમે એટલો આગ્રહ હોય તો પણ વચ્ચે ક્યાંય રોકાઈ જ ન શકે. વચલા સંઘોને એમનો કોઈ લાભ મળે નહીં. પણ વ્હીલચેર હોય અને મહાત્મા જ એ ચલાવતા હોય એટલે વચ્ચે રોકાઈ પણ શકે ને એ સંઘોને જિનવાણીશ્રવણ કરાવવા દ્વારા જગાડી પણ શકે.

૭)ઘણા માણસો હોય એટલે એમના બહાને સાથે ગાડી રાખવાનું પણ મન થાય. ગાડી આવી એટલે કેટલી વિરાધનાઓ? એ બધાએ સ્વયં વિચારી લેવું. ગાડીમાં જગ્યા હોય એટલે મહાત્માઓ પણ પોતાની ઉપધિ મૂકી દેવા લલચાય ને સુખશીલતા પેસે.. ગાડી હોય એટલે ઉનાળામાં ગરમીના બહાને શરબતના બાટલા વગેરે શું શું ન આવે?

૮) ડોળી કરતાં વ્હીલચેરમાં ઈર્યાસમિતિનું વધારે પાલન સંભવિત છે.

૯) ગીતાર્થ મહાત્માઓ પાસે એવું સાંભળ્યું છે કે એવી કોઈ પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે અપવાદપદે શાસ્ત્રોમાં ગાડાના (વાહનના) ઉપયોગની છૂટ આપી છે, પણ પાલખીના (કાવડના) ઉપયોગની નહીં. ઉપરથી પાલખીનો ઉપયોગ કરનાર શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મ. સા. ને ગુરુએ એ ઉપયોગ બંધ કરાવેલો. આ તો એમ જ સૂચવે છે કે



Scanned by CamScanner

અપવાદપદે જરૂર પડે તો વ્હીલચેર વાપરી શકાય, ડોળી નહીં.

૧૦) સૌથી મહત્ત્વની વાતઃ હૃષ્ટ પુષ્ટ મહાત્મા ડોળીમાં બેસેલા હોય.. અને ડોળીવાળા એમને ઉઠાવીને ચાલી રહ્યા હોય... ડોળીવાળા પસીનાથી રેબઝેબ હોય, માંડ માંડ ચાલતા હોય... ૧૫-૨૦ ડગલા જાય કે તરત પાછા આરામ કરવા ઉભા રહી જાય.. આવું દૃશ્ય જોઈને આજનો ભણેલો વર્ગ ઘણું ખરુ જૈન સાધુની અને જૈનશાસનની નિંદા કરે, દુર્લભબોધિ બને... અને આ રીતે શાસનહીલના થાય આ ખૂબ જ સંભવિત છે. કદાચ જાહેરમાં બોલે નહીં, તો પણ એમના મનમાં આ વિચાર આવવાની સંભાવનાને, આજના શિક્ષણ - સમાજરચના - વિચારધારાને નજરમાં રાખીને કોઈ નકારી શકે એમ નથી.

શાસનહીલના એ સૌથી મોટો દોષ છે. સંયમવિરાધના (જીવ હિંસાવગેરે), આત્મવિરાધના (સ્વશરીરને મોટું નુકશાન) અને શાસનહીલના (પ્રભુના શાસનની, એના ઉપદેશક તરીકે પ્રભુની કે સાધુસંસ્થા વગેરેની નિંદા) આ ત્રણે દોષરૂપ છે. પણ એમાં ઉત્તરોત્તર મોટા દોષ છે. એટલે શાસનહીલના એ સૌથી મોટો દોષ છે. આ દોષ ની ભયંકરતા જણાવવા માટે અષ્ટક પ્રકરણ, બત્રીશ બત્રીશી વગેરે ગ્રંથોમાં એવું જણાવ્યું છે કે - જેનાથી શાસનની હીલના થાય એવી પ્રવૃત્તિ જે જીવ અજાણપણે પણ કરે છે તે જીવ બીજા જીવોના મિથ્યાત્વમાં નિમિત્ત બનતો હોવાથી સ્વયં પણ, દુરંત સંસારમાં ભટકાવનાર ઘોર મિથ્યાત્વ બાંધે છે.

ડોળી ઉપાડનારાઓનો થાક, પસીનો, કાળી મજુરી... આ બધું જોઈને જૈન સાધુઓને મજુરોની કોઈ

Scanned by CamScanner

દયા જ નથી, પોતે મોટા રાજા થઈને ડોળીમાં બેસે છે. ને મજુરોનો પસીનો પાડે છે... મજુરોનું લોહી પીએ છે... આવો આજના જમાનાના લોકને- શિક્ષિતજનોને વિચાર આવવો અત્યંત સુલભ છે. એ સ્પષ્ટ છે. વ્હીલચેર માટે આવી સંભાવના ઘણી ઓછી છે.

પ્રશ્નઃ વ્હીલચેરમાંથી કેટલાક મશીનથી ચાલતી વ્હીલચેર પર આવી ગયા છે... પછી ધીમે ધીમે ટુ વ્હીલર કે ફોર વ્હીલર આવી જશે... આ પરંપરા ક્યાં અટકશે? એના કરતા વ્હીલચેર વાપરવી જ નહીં... એવો નિયમ ન બનાવી દેવો જોઈએ?

ઉત્તરઃ આ મશીનવાળી વ્હીલચેર વગેરે પરંપરા ન ચાલે એ માટે જ શ્રી તપાગચ્છીય પ્રવરસમિતિએ એના પર પ્રતિબંધ મૂકી દીધો છે. બાકી, મશીનવાળી વ્હીલચેર અનિષ્ટ છે, ને એ સાદી વ્હીલચેરમાંથી આવી છે, તેથી સાદી વ્હીલચેર પણ અનિષ્ટ છે.. એમ કહેશો, તો સાદી વ્હીલચેર રૂપ અનિષ્ટ ડોળીમાંથી આવ્યું છે, કારણકે ડોળીને જ અનષ્ટિ માનીને શ્રીસંઘે ન અપનાવી હોત તો વ્હીલચેર પણ ક્યાં આવવાની જ હતી? એટલે ડોળીનો પણ અનિષ્ટ માનીને નિષેધ કરવો જોઈએ. પણ જો ડોળીનો તમે નિષેધ નથી કરતા, તો આ તર્કના આધારે વ્હીલચેર નો પણ નિષેધ કરી શકાય નહીં.

પણ ડોળી અને વ્હીલચેર વચ્ચે વિચારણા કરવાની હોય તો ઉપર જણાવેલ અનેક દૃષ્ટિએ વ્હીલચેર કરતાં ડોળી વધારે અનિચ્છનીય છે.



Scanned by CamScanner

એટલે જ વ્હીલચેરનો વિરોધ કરનારા પણ અનેકો હવે આ બધું બ્રહ્મજ્ઞાન લાધવાથી વ્હીલચેર વાપરતા થઈ ગયા છે. જેમકે આ. શ્રી યુગભૂષણસૂરિ મ.સા. એમણે પોતાના પ્રશ્નોત્તરી નામના પુસ્તકમાં ૧૦૪ નંબરના પ્રશ્નનો આવો જવાબ આપેલો.

પ્રશ્ન : હવે વ્હીલચેરમાં બેસે છે. એનો ઉપયોગ થાય ?

ઉત્તર : તે વાહન જ કહેવાય. પૈડું આવ્યું એટલે વાહન આવ્યું કહેવાય. અમારે છેલ્લી મર્યાદા ડોળી છે... અમારા મહાવ્રતો સાજા રહેશે ખરા ?....

ભલે ને પંડિત કહેવાતા હોય. શું તટસ્થ વિચારણા કરવી નથી ને સારા આરાધક મહાત્માઓને પણ વખોડવા છે, લોક નજર માંથી ઉતારી નાખવા છે.. એવા મલિન આશયથી આવું લખાણ કર્યું હશે? એ જે હોય તે, લખાણ કરી દીધું... ને હવે પોતે પણ વ્હીલચેર વાપરતા થઈ ગયા. હવે ઉપરના લખાણને તેઓ ખોટું કહેશે ને? પંડિત કહેવાતાઓના પણ પ્રરૂપણો શ્રદ્ધેય નથી, એવું એમના શ્રદ્ધાળુઓ હવે સમજશે ખરા ? વળી 'છેલ્લી મર્યાદા ડોળી' આ કયા શાસ્ત્રપાઠના આધારે? હવે, 'છેલ્લી મર્યાદા વ્હીલચેર' આમ કહેશે ને ?

**આ આખી પુસ્તિકામાં જો શાસ્ત્રવિરુદ્ધ કાંઈ પણ લખાઈ ગયું હોય તો એનું મિચ્છામિ દુક્કડં...**



Scanned by CamScanner

નોંધઃ આ મેટર પૃ.૯ ઉપરના પહેલા પ્રશ્નના ઉત્તરમાં છેલ્લે ઉમેરવું.

બેતિથિપક્ષના મહાત્માઓ પણ મોબાઈલનો આવો વપરાશ કરે છે એનો પુરાવોઃ

આ.શ્રી ચંદ્રભૂષણસૂરિ સંપાદિત શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરિ વંશવાટિકા (વિ.સં.૨૦૭૫) પૃ.નં.૨૪ ઉપર જણાવ્યું છે કે આ.શ્રી ચંદ્રભૂષણસૂરિજીએ શ્રાવક દ્વારા આ.શ્રી લલિતશેખર સૂ.મ. ને વોટ્સએપ પત્ર મોકલ્યો હતો અને તેઓએ શ્રાવકદ્વારા વોટ્સએપથી જવાબ મોકલ્યો હતો.

Scanned by CamScanner